નમસ્કાર ગાંધીનગર

પમરાટ

એક ડગલું ચાલવામાં લ્યો ,વરસ પૂરું થયું.
પંથ કપરો કાપવામાં લ્યો, વરસ પૂરું થયું .
ગ્રંથનો આખોય દરિયો પાર કરવો'તો છતાં ,
બે'ક પાનાં વાંચવામાં લ્યો, વરસ પૂરું થયું .
પ્હાડ ઓળંગી જવાના કૈંક મનસૂબા હતા,
ને ફકત સંભાવનામાં લ્યો, વરસ પૂરું થયું .
આમ તો બત્રીસ ભોજન પીરસ્યાં'તાં પ્રેમથી,
સ્વાદ થોડો ચાખવામાં લ્યો ,વરસ પૂરું થયું.
- નીતિન વડગામા.

પાથેય

- રમેશ ઠક્કર

વિત્યું વરસ જીત્યું જીવન...

વિરામ પામતા વરસનું આખરી સવાર અવનવી આશા જગાવે છે..છેલ્લા બે વરસમાં મહામારીએ આવેલા મારથી બેવડ વળી જવાયું છે..માણસ જો કે તોય હાર્યો નથી..ગયું વરસ પણ મોટાભાગે એ જ તડકી છાંયડીમાં વિત્યું..આશ્વાસન એ રહ્યું કે આગળના વરસ કરતાં ઘણું સારું રહ્યું..નવું વરસ એથી પણ વધારે સારૂં હશે..આશાવાદ નવી પળોને જીવંત બનાવે છે.. વિતેલા વરસનું સરસરું વિહંગાવલોકન મોબાઈલની ગેલેરીમાં સચવાયેલા ફોટોગ્રાફ્સથી કમ નથી..સ્મૃતિપટ ઉપર ડિલીટની સુવિધા નથી..ઘણું ડિલીટ કરી નાખવું છે..ઘણું અનાયાસ યાદ આવી જાય છે..મન હે કી માનતા નહી..! મને ક મને પણ મનની વાત માનવી પડે છે ! અતિતરાગનું એક ઝૂમખું લટકી રહ્યું છે..મનની ડાળીએ...આવો થોડૂંક ઝૂલીએ.. નવું વર્ષ નવજાત શિશુની માફક આવતીકાલે જ પગરવ કરશે...એક નવો ઉઘાડ ઘરેડ થઈ ગયેલી આપણી માનસિકતાને નવો આયામ આપશે. એકધારી ગતિ પણ નકામી હોય છે..જીવનમાં અલ્પવિરામનુંયે આગવું સૌંદર્ય હોય છે..એનો વળાંક પણ કમનીય હોય છે.

કયારેક સીધીલીટીમાં જીવતા આપણે આરોહઅવરોહની આવી ચહલપહલને માણી શકતા નથી. બદલાવ એ જીવનનો ક્રમ છે...બધું જ વિકસે છે..વિસ્તરે છે...નવું વરસ પણ એક તબક્કે જુનું થઈ જતું હોય છે.. કુંપળ અને ખરેલા પર્ણની સાહજિક સફરનો સિલસિલો સમજવા જેવો હોય છે..કયાંક સંતુષ્ટિ તો કયાંક અતૃપ્તિ એવી તડકીછાંયડી એનો આગવો મિજાજ છે..

વિતેલા વર્ષોનું જમાઉધાર પણ જોવું જોઇએ...મારો એક સંકલ્પ હંમેશાં જાણે સંકલ્પ જ રહયો છે...! મને બે ચીજોનું હંમેશાં કુતુહલ રહયા કર્યું છે. પણ 'જાનામી ધર્મમ્ ન ચ મે પ્રવૃત.' ની માફક એક બાબતે સતત વસવસો પણ થયા કરે છે...એક બાબત એ છે કે માણસે ફિઝિકલ ફિટનેસને જીવનનો અભિન્ન હિસ્સો બનાવવો જોઈએ..આ બાબતે મે ઘણા ધખારા કર્યા છે..મને જો કે ચાલવાનો જન્મજાત શોખ છે..પણ વ્યાયામ એ પણ એક નિર્દોષ આયામ છે એવું મને સતત લાગ્યા કર્યું છે..આ કરવું અને ભૂલવું એ પણ બદલાતા વરસોના અનુભવ જેવું હોય છે. આજે બધું યંત્રવત છે..લાગણીઓ પણ ઓનલાઈન મળે છે..ઉમળકો એકસરખી ઇમેજીસમાં એકવિધ બની સ્ક્રીન ટુ સ્ક્રીન ફંગોળાય છે..ચાલવું કે વિહરવું એ કરવા જેવા સંકલ્પો છે નવા વરસે.. ટચસ્ક્રીનથી સતત ટીચાતાં ટેવવશ ટેરવાં,વચ્ચે આવા સંકલ્પો નવી તાજગી આપે છે..

બંધિયાર નિવાસને બદલે નિત્ય નવો પ્રવાસ મળે અને સુસ્તતાને શારીરિક શ્રમની સંજીવની મળે એવી નવા વરસે નવી સંકલ્પના સાથે વિતેલા વરસના વસવસાને વાચા આપવાનું નવા દિવસોમાં મન થાય છે..વિત્યું વરસ ઘણું વિતાડી ગયું છે એ વાત હાલ નથી કરવી..નજર સામે નવો પ્રકાશ છે..નઈ રોશની છે..લાઈટ અને ડિલાઈટ છે..આવો સંકલ્પના સહારે આગળ વધીએ..પીછે દેખના પીછેહઠ હે !

જઘન્ય બાળદુષ્કર્મીઓને ત્વરિત સજા મળવી જોઈએ

તંત્રીસ્થાનેથી...

સુરતની અદાલતે કુમળી બાળાઓ પર કરેલા જઘન્ય અત્યાચાર બદલ વિક્રમજનક સમયગાળામાં કેસ ચલાવી આરોપીઓને આકરી સજા ફરમાવી છે એ ન્યાયતંત્રની સક્રિયતા ઉપરાંત સામાજિક સંપ્રજ્ઞતાનું ઉદાહરણ છે. આવા ત્વરિત ચુકાદાઓ જરૂરી છે. એથી પ્રજાનો ન્યાયતંત્ર પરનો ભરોસો દૃઢીભૂત થશે અને ગુનાઈત માનસ ધરાવતા નરપિશાચો પર ગુનો આચરતાં વિચાર કરશે. દિલ્હીના ચર્ચાસ્પદ નિર્ભયાકાંડ પછી દેશ આખો આ મુદ્દે ખળભળી ઊઠ્યો હતો અને સંસદમાં દુષ્કર્મ વિશેના કાયદાને વધુ કઠોર બનાવવાનો ખરડો પસાર કરવો પડ્યો હતો. દુષ્કર્મની વ્યાખ્યા પર બદલવામાં આળી હતી. કયારેક 'રેપ'ની વ્યાખ્યા એવી કરાતી હતી કે જયાં સુધી પુરુષનું લિંગ સ્ત્રીની ઈચ્છા વિરુદ્ધ એના જનનાંગમાં પ્રવેશે નહીં ત્યાં સુધી એની સાથે બળાત્કાર થયો ગણાય નહીં. વળી પુરુષ તરફી આ વ્યાખ્યા સાથે એવી શરત પણ જોડવામાં આવેલી કે દુષ્કર્મની ફરિયાદ ત્યારે જ સાચી મનાય કે જયારે ભોગ બનનાર સ્ત્રીએ એને અટકાવવા પૂરેપૂરો પ્રયાસ કર્યો હોય, જેના પરિણામે એને પુરુષના રાક્ષસી બળનાં નિશાન મળ્યાં હોય. સ્ત્રીએ પુરુષને નખોરિયાં ભર્યાં હોવા જોઈએ અને સ્ત્રીના શરીર પર દંતક્ષત કે માર માર્યાનાં લીલામાં દેખાવા જોઈએ વગેરે વગેરે વગેરે. સમય જતાં દુષ્કર્મ અને છેડતી વિશેના ખ્યાલ સ્ત્રીની તરફેણમાં બદલાયા છે. સ્ત્રીની સામે અમુક સમયથી વધુ તાકી રહેવું તે પણ છેડતી ગણાય છે. દ્વિઅર્થી અશ્લીલ સંવાદો બલવા કે પ્રણય ગીત સંભળાવી ધ્યાન આકર્ષિત કરવાની કોશિશ કરવી તે પણ છેડતી જ લેખાશે. આવા કડક કાયદા કર્યા છતાં દુષ્કર્મની પરંપરા અટકી નથી તે ઘણી જ શોચનીય બાબત છે. વળી દુષ્કર્મ કોઈ ઉંમરનો મલાજો પણ પાળતું નથી. એ સાવ કાચીકુમળી પાંચ વર્ષથીય ઓછી ઉંમરની બાળકીથી લઈ પંચ્યાશી વર્ષની વૃદ્ધા સાથે પણ થતાં રહે છે દુષ્કર્મની માનસિકતા સામે અવાજ સાવ જ ઉદાસીન રહે છે અને બધી જવાબદારી સરકારની અને પોલીસખાતાની હોય એવી મૂર્ખતાભરી અપેક્ષા રાખે છે. નિર્દોષ બાળકો સાથેનું દુષ્કર્મ તો વિશ્વનું સૌથી ઘૃણાસ્પદ કાર્ય ગણાવું જોઈએ. પરંતુ આવા હીન કામ સાથે સંકળાયેલા માણસ કયારેક માનસિક રીતે સ્વસ્થ ન જ હોઈ શકે. માતાપિતાએ બાળકોની આ મુદ્દે ખૂબ જ કાળજી લેવી જોઈએ. વળી આવી માનસિકતા ધરાવતી વ્યક્તિએ ખુદ પાડોશમાં કે ઘરમાં પણ હોઈ શકે છે એવું સમજીને બાળકને કયારેય નજરથી દૂર ન થવા દેવું જોઈએ. ચૉકલેટની લાલચથી લઈ રમવા લઈ જવું, ઢીંગલું લાવી આપવું, ફરવા લઈ જવું, વધુ પડતાં લાડ લડાવવાં - જેવી હરકતો નજરે પડે કે તરત બાળકને એવા પુરુષથી અંતર રખાવવાનું શરૂ કરી દેવું જોઈએ. આવી મનોદશા ધરાવતા પુરુષો સામાન્ય રીતે એકલતાનો શિકાર બનેલા વાંઢા, વિધુર કે પરિવારથી દૂર રોજી રળવા આવેલા હોય છે.બહારના લોકો પાણીપૂરી કે કીટલી અથવા શેરડીના સંચા જેવો ધંધો કરવા અન્ય પ્રાંતોમાંથી આવી ચડે છે. બાળકને લલચાવે છે અને માબાપને તો ત્યારે એમ જ લાગે છે કે બિચારા એકલા માણસને આપણું છોકરું જોઈને એનું પોતાનું બાળક યાદ આવતું હશે. વિશ્વાસ મૂકવા જેવો જમાનો જ નથી રહ્યો. ભૂતકાળમાં અફઘાનિસ્તાનથી કાજુ-કિસમિલ લઈને કોલકાત્તા આવેલો 'કાબુલીવાળા' નાનકડી મીનીને ઝંખતો, એ જમાનો હવે નથી રહ્યો. કામ વિશે તો આપણાં શાસ્ત્રો કેટલું બધી કહી ગયાં છે ! કામાંધ માણસને કોઈ જ વિવેકભાન નથી હોતું. સરકાર પર બધું છોડવા કરતાં સમાજે આવાં તત્ત્વોની શોધખોળ કરવી જોઈએ. એવા લોકોને જેટલી સજા મળે તેટલી ઓછી જ લેખાશે. સુરતની સેશન્સ કોર્ટ સક્રિય બની છે એ જ રીતે દેશની અન્ય અદાલતોની ચડઊતર મુજબ નીચલી અદાલતે ફરમાવેલી સજા ઉપલી અદાલતોએ ઓછી નહીં કરતાં જેમ બને તેમ જલદી તે સજાનો અમલ કરાય એવું વલણ રાખવું જોઈએ. આવા જઘન્ય અપરાધીઓના ફોટા અને એમને થયેલ સજાની જાહેરાત સરકારે ગામેગામ મોટાં હોર્ડિંગ્સ લટકાવીને કરવી જોઈએ. ઈસ્લામિક શરિયા કાનૂન જ આવા અપરાધીઓને માટે તો વધારે યોગ્ય ગણાય એવું નથી લાગતું ?

નૂતન : નિયમ :

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

'ધ ન્યૂ ટેસ્ટામેન્ટ' અંગ્રેજી ગ્રંથ છે. આ પવિત્ર પુસ્તિકામાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનાં ધર્મોપ્રદેશ છે. નૂતન ધર્મનિયમ છે. સમગ્ર માનવજાતને ઉપયોગી ઉપદેશ છે. પ્રેમ અને કરુણા આ ગ્રંથનો મુખ્ય વિષય છે.

બેંગ્લોરની ધ બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાએ ઈ.સ. ૨૦૦૩માં આનો ગુજરાતી અનુવાદ પ્રકાશિત કર્યો છે એનું શીર્ષક છે - નવો કરાર.

હવે વધુ આશ્ચર્યની ઘટના આ છે - આ જ સંસ્થાએ આ ગ્રંથનો સંસ્કૃત ભાષામાં અનુવાદ પ્રકાશિત કર્યો છે. ઈ.સ. ૨૦૧૩માં પ્રકાશિત થયેલા આ ગ્રંથનું શીર્ષક છે - નૂતન : નિયમ : ૬૩૬ પૃષ્ઠનો આ ગ્રંથ છે .

આની કેટલીક વિશેષતાઓ છે :

(૧) ભાષા દેવભાષા છે. વિષય દેવપુરુષ છે.

(૨) અંગ્રેજીમાંથી સંસ્કૃતમાં થયેલો અનુવાદ છે. પરંતુ કોઈક સ્વતંત્ર ગ્રંથ હોય, એવું જ લાગે. કોઈકનો અનુવાદ છે, એવું ન લાગે.

(૩) અનુવાદકર્તાએ પોતાનું નામ સુદ્ધાં કયાંક આપ્યું નથી. જાણે કે કોઈ અજ્ઞાનકર્તાની પ્રભુસેવા છે.

(૪) સંસ્કૃત ભાષા એકદમ સરળ છે. સામાન્ય વાચકને પણ સમજાય અને રસ પડે એમ છે.

(૫) મહાત્મા ગાંધીજી ઉપર ઈસુના ગિરિપ્રવચનોનો સવિશેષ પ્રભાવ હતો તેનો આમા સમાવેશ છે. (માથી ૫/૨ થી ૮/૨)

(૬) પંચતંત્ર હોય કે હિતોપદેશ. સંસ્કૃત ગદ્યમાં કથાઓ આવે, ત્યારે સમગ્ર ગ્રંથમાં વચ્ચે અને છેલ્લે. શ્લોક આવે. એની જેમ અહીં પણ છે. જેમ કે -

ઈમ્મા નૂયેલ ઈત્યેવ, તસ્ય નામ ભવિષ્યતિ ॥

'તું જો. તે આયન્નસત્વાકુમારીને પુત્ર જન્મશે.'

એનું નામ ઈમ્માનૂયેલ હશે.

(૭) નાના નાના સૂક્તિ જેવા વાક્યો યાદ રહી જાય, તેવા છે. જેમ કે -

- દુર્જનસ્ય પ્રતિરોધઃ ન કર્તવ્ય : ।
દુર્જનનો સામનો ન કરવો.

- યઃકશ્ચિત્ તવ દક્ષિણકપોલે ચપેટાઘાતં કરોતિ, તં પ્રતિ અન્યતરંકપોલં વ્યાઘોટ્ય ।

જે કોઈ તને જમણે ગાલે તમાચો મારે, ત્યારે તેની સામે બીજો ગાલ ધરી દેવો.'

- હે પરિશ્રાન્તા ભારાક્રાન્તા સર્વે, મમ સમીપે આયાન્તુ ।

ઓ થાકેલા અને ભાર વેંઢારનારાઓ ! તમે બધા મારી પાસે આવો.

સમગ્ર ગ્રંથના અંતે મધુર સમાયન જેવું આ વાક્ય છે.

- અસ્માકં પ્રભો : પીષખ્રીસ્યસ્ય અનુગ્રહ : સર્વેષુ યુષ્માસુ વર્તતામ્ ।

આપણા પ્રભુ ઈશુ ખ્રીસ્તની કૃપા તમારા બધા ઉપર વરસતી રહો.

દિન મહિમા

- ઈસુના નવા વર્ષની ઉજવણી આજે વર્ષ ૨૦૨૧નો અંતિમ દિવસ...

આજનું

ઔષધ

- તજનું તેલ બે થી ત્રણ ટીપાં એક કપ પાણીમાં મેળવી લેવાથી ઈન્ફ્લુએન્ઝામાં ફાયદો થાય છે.

ખડખડાટ

- બહુ જ દુઃખદ સમાચાર છે. હવે ૨૦૨૧ નહિ રહે. ડૉકટરો એ પણ આશા છોડી દીધી છે...!!!

આજનો

વોટ્સએપ

- સાથ જો સાચો મળે ને તો કયારેય પડવા નથી દેતો.

અર્ઝ કીયા હૈ...

- હૃદય ચોરી ગઈ ઘોળે દિન એક મસ્ત માનુની,
છતાં પગલાં ભરી શકતો નથી હું કોઈ કાનૂની...!
- ભરત વૈષ્ણવ
- અહમ્‌ના ઓટલે બેસીને લાગણીઓનું લીંપણ ના થાય,
એના માટે તો આંખોમાં ઊતરી
સીધો દિલમાં ભુસકો મારવો પડે,
ને ત્યારે જે ગળે ભેટી પડે એનું નામ દોસ્ત...!!
- ગુંજન ગાંધી
- નવો મારગ મેં કંડાર્યો હુતો ખુદ મારા પગલાંથી,
ઘણી પગદંડીઓ ફૂટી પછી તો એ જ રસ્તાથી...
- ખલીલ ધનતેજવી.

પૃથ્વી સૂર્યમંડળના કયા બે ગ્રહો વચ્ચે આવેલી છે?

વિજ્ઞાનજગત

ખજાનો
અનિલ પટેલ

૧ કેલ્સીફેરોલ કયા વિટામીનનું રાસાયણિક નામ છે ?
(અ) વીટામીન એ (બ) વિટામીન - બી
(ક) વિટામીન - સી (ડ) વિટામીન - ડી

૨ માનવ શરીરમાં ઓક્સીજનનું વહન કોણ કરે છે ?
(અ) પ્રોટીન (બ) ચરબી
(ક) હિમોગ્લોબીન (ડ) ગ્રંથીઓ

૩ પૃથ્વી સૂર્યમંડળના કયા બે ગ્રહો વચ્ચે આવેલી છે?
(અ) મંગળ અને શુક્ર (બ) મંગળ અને બુધ
(ક) બુધ અને શુક્ર (ડ) મંગળ - ગુરુ

૪ પાસ્કલ શાનો એકમ છે?
(અ) ઊંચાઈ (બ) લંબાઈ
(ક) વજન (ડ) દબાણ

૫ માનવ શરીર સાથે સંબંધિત ગ્લૂટિયસ મેડિસમસ શું છે ?
(અ) લાંબુ હાડકું (બ) સૌથી મોટી માંસપેશી
(ક)આંતરડું (ડ) મગજનો ભાગ

૬ કયો ગ્રહ કૃષિનો દેવ તરીકે ઓળખાય છે?
(અ) મંગળ (બ) બુધ
(ક) શનિ (ડ) ગુરુ

૭ એક સ્વસ્થ વ્યક્તિના લોહીમાં ગ્લુકોઝનું પ્રમાણ પ્રતિ લીટર કેટલું હોવું જોઈએ ?
(અ) ૧૦૦ ગ્રામ (બ) ૧૫૦ ગ્રામ
(ક) ૨૦૦ ગ્રામ (ડ) ૨૫૦ ગ્રામ

૮ વાંસ એ કયા પ્રકારની વનસ્પતિ છે ?
(અ) કઠોર (બ) ઘાંસ
(ક) ફળાઉ (ડ) અનાજ

૯ પોટેશિયમ એલ્યુમિનિયમ સલ્ફેટ કયા નામે ઓળખાય છે?
(અ) ફટકડી (બ) મોરથુથૂં
(ક) સૂરેખાર (ડ) સિંધવ મીઠું

૧૦ દિવાસળીની બનાવટમાં શાનો ઉપયોગ થાય છે ?
(અ) સલ્ફેટ (બ) પીળો ફોસ્ફોરસ
(ક) લાલ ફોસ્ફોરસ (ડ) સોડિયમ

૧૧ પ્લુટો ગ્રહની માન્યતા રદ થતાં હવે સૌથી નાનો ગ્રહ કયો છે?
(અ) શુક્ર (બ) બુધ
(ક) નેપ્ચ્યુન (ડ) મંગળ

૧૨ વિજ્ઞાનની એક શાખા 'પાલોમોજી' શું છે ?
(અ) ફળોનું વિજ્ઞાન (બ) અળસિયાંનું વિજ્ઞાન
(ક) ખેતી વિજ્ઞાન (ડ) જમીનનું વિજ્ઞાન

૧૩ ઈન્સ્યુલીનની શોધ કોણે કરી હતી ?
(અ) રોબર્ટ કોચ (બ) પોલ એડવિચ
(ક) રોબર્ટ બોઈલ (ડ) સર ફેડરીક બેન્ટિંગ

૧૪ નિક્સ ઓલિમ્પિયા નામનો પર્વત કયા ગ્રહ પર આવેલો છે?
(અ) પૃથ્વી (બ) મંગળ
(ક) ગુરુ (ડ) શુક્ર

૧૫ પોલ એરવિચ કઈ સારવારના જનક છે ?
(અ) ડાયાલીસીસ (બ) એક્યુપ્રેસર
(ક) કેમોથેરાપી (ડ) ફીઝીઓથેરાપી

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૩૧ ડિસેમ્બર :
  - રાજીવ ગાંધી વડાપ્રધાન બન્યા (૧૯૮૪)
  - કેનેડાની રાજધાની તરીકે રાણી વિકટોરિયાએ ઓટાવા નક્કી કર્યું (૧૮૫૭)
  - વિશ્વ આરોગ્ય સંસ્થાએ ચીનની વુહાન શહેરમાં કોવિડ-૧૯નો પ્રથમ કેસ નોંધાયો (૨૦૧૯)
  - રશિયામાં વ્લાદીમીર પુનિત કાર્યકારી પ્રમુખ બન્યા (૧૯૯૯)
- ૧ જાન્યુઆરી :
  - ગાંધીજીના અંગત સચિવ મહાદેવભાઈ દેસાઈનો જન્મદિવસ (૧૮૯૨)
  - યુરોપિયન યુનિયન દ્વારા યુરોનું ચલણ શરૂ કરવામાં આવ્યું (૨૦૦૨)
  - મશહુર અમેરિકન ફોટોગ્રાફર આલ્બર્ટ સ્ટેઈગલીઝનો જન્મદિવસ (૧૮૬૪)
  - અમેરિકા, કેનાડા અને મેક્સિકો વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ થયાં (૧૯૯૪)
- ૨ જાન્યુઆરી :
  - ગુજરાતી ગઝલકાર બરકત અલી ગુલાબ હુસેન વિરાણીનું નિધન (૧૯૯૪)
  - અમેરિકન અવકાશી સંસ્થા નાશા દ્વારા મોકલવામાં આવેલ સ્ટારડસ્ટ એરક્રાફ્ટ દ્વારા ધૂમકેતુઓની રજકણ એકત્ર કરવાની કામગીરી શરુ કરી (૨૦૦૪(
  - રશિયા અને જાપાન યુદ્ધના અંતે રશિયાએ અર્થર બંદર જાપાનના હવાલે કર્યું (૧૯૦૫)
- ૩ જાન્યુઆરી :
  - ઈસરોના પૂર્વ વડા સતીસ ધવનનું નિધન (૨૦૦૨)
  - બેલ્જિયમ પાદરી ફાધર ડેનીમનો જન્મદિવસ (૧૮૪૦)
  - મંગળની ધરતી પર નાશાએ મોકલેલ સ્પીરીટ રોવર લેન્ડ થયું (૨૦૦૪)
  - સ્ટીવ જોબલ અને સ્ટીવ વોન્ઝીકે એપલ કંપનીની શરુઆત કરી (૧૯૭૭)
- ૪ જાન્યુઆરી :
  - અંધજનો માટેની લીપી વિકસાવનાર લૂઈ બ્રેઈનનો જન્મદિવસ (૧૮૦૯)
  - બર્મા હાલનું મ્યાનમાર બ્રિટીશ શાસનમાંથી સ્વતંત્ર થયું (૧૯૪૮)
  - ઈંગ્લીશ ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી સર આઈઝેક ન્યુટનનો જન્મદિવસ (૧૬૪૩)
  - વિશ્વનું સૌથી ઊંચું બિલ્ડીંગ બુર્ઝ ખલીફા (દુબઈ) સામાન્ય પ્રજા માટે ખુલ્લું મુકાયું (૨૦૧૦)
- ૫ જાન્યુઆરી :
  - દુનિયાનો સૌથી લાંબો સસ્પેન્શન ગોલ્ડન ગ્રેટ બ્રીજ અમેરિકાના સાનફ્રાન્સીસ્કો ખાતે ખુલ્લો મુકાયો (૧૯૩૩)
  - સશસ્ત્ર ક્રાન્તિકારી ફોજ ઊભી કરનાર બારીન્દ્ર ઘોષનો જન્મદિવસ (૧૮૮૦)
  - મશહુર રશિયન એકટર અને પ્રોડ્યુસર કોન્સ્ટેટીન સ્ટેઈનસાલવસ્કીનો જન્મદિવસ (૧૮૬૩)
  - એન્ટોન ડ્રેક્સલરે જર્મનીના મુનીચ શહેરમાં જર્મન વર્કસ પાર્ટી શરૂ કરી જે પાછળથી નાઝી પાર્ટી તરીકે ઓળખાઈ (૧૯૧૯)
- ૬ ડીસેમ્બર :
  - ઈંગ્લેન્ડના રાજા રિચાર્ડ-૨નો જન્મદિવસ (૧૩૬૭)
  - સાહિત્યકાર ખલિલ જિબ્રાનનો જન્મદિવસ (૧૮૮૩)
  - અમેરિકન પૂર્વ રાષ્ટ્રપ્રમુખ જયોર્જ ડબ્લ્યુ બુશ કાયદાકીય લડાઈ બાદ પ્રમુખ બન્યા (૨૦૦૧)
  - સાહિત્યકાર ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ) નું નિધન (૧૯૯૧)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

તાજેતરમાં ઉત્તરપ્રદેશનાં કયા શહેરમાં વડાપ્રધાન દ્વારા ભવ્ય ધાર્મિક આયોજન થયું ?

જવાબ : વારાણસી

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) હાર્દિક મકવાણા : સે-૨૪ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) શિવાંગ પટેલ : સરગાસણ (૬) મીત પટેલ : સે-૨૩ (૭) રુચિત પટેલ : ધોળેશ્વર પાસે

આ સપ્તાહનો સવાલ

બીજેપીના મહિલા નેતા વિજયારાજે સિંધિયા કયા રાજયના મુખ્યમંત્રીની સેવાઓ આપેલી છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

માણસ છે ભાઈ માણસ છે

હળવે હૈયે
પ્રકાશ લાલા

'માણસ માત્ર ભૂલને પાત્ર' કે (To err is human) કહીને વ્યક્તિ પોતાનાથી થયેલી ભૂલને સિફતપૂર્વક સહજ ગણાવી દે છે પણ એ જ વ્યક્તિ બીજાએ કરેલી કે બીજાથી થઈ ગયેલી ભૂલને એટલી સહેલાઈથી માફ નથી કરતી, બલકે અન્યની ભૂલને વારંવાર બતાવતી-ગણાવતી રહે છે - વધારી વધારીને એ વિશે ટોકતાં એ અચકાતો જ નથી... માણસ બહુ વિચિત્ર પ્રાણી છે ! માણસ બધું જ જાણતો હોય છે ને છતાં પોતાના સ્વાર્થ ખાતર, ખુદના ફાયદા માટે જરૂર પડ્યે અજ્ઞાની બની જઈ શકે છે... માણસ બહુ વિચિત્ર પ્રાણી છે !! માણસ માણસ વિના રહી શકતો નથી ને પાછો એનાથી માણસ ખમાતો ય નથી. એને બીજા માણસ ગમે છે - જ્યાં સુધી એ પોતાને અનુકૂળ રહે, 'હા' માં 'હાં' મિલાવે. પણ જે ક્ષણે એ સામો પડે, એની ચૂક - ક્ષતિ બતાવે કે સામે દલીલ કરવા પ્રયત્ન કરે કે તરત જ એ ગમતો માણસ 'અણગમતો' બની જાય છે... એ ન ગમવા માંડે એમ સમજ્યા, પણ પછી તો પેલાના સારા ગુણો - સારી બાબતો ય નકામા લાગવા માંડે છે... પોતાની ભૂલો બતાવનાર - ટીકા કરનાર શત્રુ નહીં પણ સાચો મિત્ર છે એ વાત જાણવા છતાં ખરેખર બહુ વિચિત્ર પ્રાણી છે !!

આજે માણસને સૌથી વધુ ભય કોઈનો હોય તો તે માણસનો જ હોય છે.... હિંસક પ્રાણી કે ઝેરી જીવજંતુ કયારેક જ નુકશાન કરી જાય, પરંતુ ડંખીલા - ઠંખીલા માણસની સતત બીક રહે છે... માણસ માણસથી ડરે છે.... કેમ કે આપણામાંના દંભ - અહં - ઈર્ષ્યા - સ્વાર્થ - કપટ આપણને સાચા માણસમાં રહેલાં નિખાળસતા, સરળતા - સહજતા સ્વીકારતા રોકે છે - કહોને કે આપણે બીજાને દંભ રહિત કે અહં રહિત - નિસ્વાર્થ માનવા તૈયાર નથી હોતા... 'જેવી દૃષ્ટિ, એવી સૃષ્ટિ...' ના ન્યાયે આપણે બીજાને ય એ જ નજરથી જોઈએ છીએ... આજે 'આપ ભલા તો જગ ભલા' વાત વિસરાતી જાય છે અને 'જેવા સાથે તેવા ના જોઈએ (કે 'ઈંટનો જવાબ પથ્થર'થી ના આપીએ તો જીવાય જ નહીં એ ખ્યાલ પ્રબળ બનતો જાય છે.... અને કયાંક તો મા-બાપ એમનાં સંતાનોને (આ વિચારમંત્રથી દિક્ષિત કરતાં) જોવા મળે છે.... માણસ સાચે જ બહુ વિચિત્ર પ્રાણી છે !! યસ, આ વિચિત્રતા ગણાવુંછું ત્યારે અમારી જાતને એમાંથી બાકાત નથી માનતો....'

સોશિયલ મીડિયાનો - વોટ્સએપ - ફેસબુક - ટ્વિટર વગેરેનો ઉપયોગ વિવેકપૂર્વક કરવો જોઈએ એવું સંતાનોને કહેતાં વડીલો પોતે એ વિશેનું વિવેકભાન ભૂલી જાય તેને શું કહેવું ?

પહેલાં લોકો પાણીમાં ડૂબી જતા, હવે સોશ્યિલ મીડિતામાં 'ડૂબી' જાય છે - 'ગરકાવ' થઈ જાય છે - એ હદે કે રોડ ઉપર ચાલતાં, બસ સ્ટેન્ડ કે રેલવે સ્ટેશને બસ - ટ્રેઈનની રાહ જોતાં, પિકચર કે નાટક કે મ્યુઝિકના પ્રોગ્રામમાં ય વચ્ચે વચ્ચે એમાં 'ડોકિયું' કરી લેતાં, ફેમિલી ફંકશનમાં - કુટુંબ મેળામાં ભેગા થયેલાં સૌને પોતપોતાનાં મોબાઈલમાં 'મશગુલ' થયેલાં જોતાં થાય કે કોઈ રોગના વાઈરસ કરતાં આ 'મોબાઈલ વાયરસ' ખતરનાક છે...

સત્ય નારાયણની કથા કે લગ્ન - હવન જેવી ધાર્મિક વિધિ કરાવતા ભૂદેવો - મહારાજો વચ્ચે વચ્ચે યુક્તિપૂર્વક મંત્રોચ્ચાર સાથે જે રીતે 'મોબાઈલમંત્ર' જપી લે છે તે જોવાની મજા માણવા જેવી હોય છે... ખંજવાળ આવે ત્યારે વ્યક્તિ સંયમ નથી રાખી શકતી, સ્થળ-કાળ, ભૂલી શરીરના 'એફેકેટેડ પાર્ટ' ને વિવેક-સભ્યતાની ધરકાર રાખ્યા વિના ખંજવાળી લે છે, બસ એ જ રીતે મોબાઈલમાં નોટિફિકેશન ધ્યાને પડતાં જ બધું ભૂલી જઈ, આંખ-દિમાગને એના હવાલે કરી દે છે ને ? આ એક નવા પ્રકારની ખંજવાળ કે નવા પ્રકારનું વ્યસન જ છે ને ? એના ઉપર પણ 'ઈન્ઝયુરિસ ટુ હેલ્થ' લખાવું ના જોઈએ ?

એમાં ય પેલા કાનમાં ભૂંગળાં ભરાવીને, એકલા એકલા (બબડતા) વાતચીત કરતા જણને જોઈને પહેલાં તો એમ થાય કે આપણને કંઈક કહે છે... પછી લાગે કે એને બબડવાની ટેવ છે ને છેવટે સમજાય કે 'બ્લુ ટુથ' ને 'ઈયર ફોન' ના તાંતણે એ શ્રીમાન કે સુશ્રી કોઈની સથે 'વાતો' કરી રહ્યા છે .... રસ્તે ચાલતાં આમ 'મોબાઈલ મય' જોઈ જવાથી અકસ્માતો થયાના ને સેલ્ફી લેતાં 'સેલ્ફ' પોતાના સમાચારો વાંચવા છતાં - મોબાઈલનું વધારે પડતું સેવન નુકશાનકારક છે એ જાણવા છતાં ભૂલી જાય છે માણસ... સાચે જ માણસ બહુ વિચિત્ર પ્રાણી છે...

માણસ આવી વિચિત્ર પ્રકૃતિ સંદર્ભે યાદ આપે છે.

પંક્તિઓ :

રમતાં રમતાં લડી પડે ભૈ માણસ છે! હસતાં હસતાં રડી પડે ભૈ માણસ છે!
પહાડથી ય કઠણ મક્કમ, માણસ છે! દડ દડ દડ દડ દડી પડે ભૈ માણસ છે!
અંદર ઉપર આસે ચટચપ માણસ છે! ને બે ડગલે ખડી પડે ભૈ માણસ છે!

તો આપણા જાણીતા કવિ - સ્વ. ભગવતીકુમાર શર્માએ પણ વિચિત્ર પ્રાણી માણસ વિશે કેવું સરસ લખ્યું છે કે :

'અમે આંધી વચ્ચે
તણખલાંના માણસ, પીળા શ્વાસની તુચ્છ
ઘટનાના માણસ. ફટાણાંના માણસ,
મરસિયાના માણસ અમે વારસાગત
સમસ્યાના માણસ. 'કદી'થી 'સદી'ની
અનિદ્રાના માણસ; પ્રભાતોની શાશ્વત
પ્રતીક્ષાના માણસ અમે અમને મળવાનો
ઝૂરતા જ રહીએ, સડકવન્ત ઝીબ્રાના
ટોળાના માણસ....'

માણસ જાણે છે કે અખિલ બ્રહ્માંડમાં પોતાનું અસ્તિત્વ એક ઝીણા ટપકાના સો કરોડમાં ભાગ જેટલું ય નથી ને છતાં પાણીના પરપોટા પેઠે ફૂલાતો રહે છે - અકડાઈ - અટકાઈ - અભિમાનમાં ચકચૂર રહે છે... આવા આપણા સૌએ 'ઉમર ખ્યામ'ની પંક્તિઓ આત્મસાત કરવાની આવશ્યકતા છે કે :

'શું કુબેરો ? શું સિકંદર?
ગર્વ સૌનો તૂટશે, હો ગમે તેવો ખજાનો
બે જ દિનમાં ખૂટશે! કાળની કરડી નજરથી
કોઈ બચવાનું નથી, આજ તો ફૂટી છે ખ્યારી, કાલ ફૂંજો ફૂટશે!!'